# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-03-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1. ઇઝરાયલે ઈરાનની રાજધાની તેહરાનમાં બાસીજ અને આંતરિક સુરક્ષા કમાન્ડ સેન્ટરો પર શ્રેણીબદ્ધ હુમલાઓ કરતાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધુ તીવ્ર બન્યો.
2. ફિનલેન્ડના રાષ્ટ્રપતિનું ભારતમાં સ્વાગત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમની મુલાકાત ભારત-ફિનલેન્ડ સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે.
3. શ્રીલંકાના દક્ષિણ કિનારા પર ઈરાની નૌકાદળના જહાજ પર શંકાસ્પદ સબમરીન હુમલામાં 101 લોકો લાપતા અને 78 ઘાયલ.
4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે ભારતની ત્રણ મુખ્ય વિદેશ નીતિઓમાં મ્યાનમાર મુખ્ય ભૂમિકા ભજવે છે.
5. રંગોના તહેવાર હોળીની આજે દેશભરમાં ઉજવણી થઈ રહી છે.
6. ICC પુરુષ T-20 વિશ્વ કપમાં, આજે કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં પ્રથમ સેમિફાઇનલ દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહી છે.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## WEST ASIA CONFLICT - 1

ઈરાનની રાજધાની તેહરાનમાં વહીવટી કાર્ય સાથે જોડાયેલા બાસીજ અને આંતરિક સુરક્ષા કમાન્ડ સેન્ટરો પર ઇઝરાયલી હુમલાઓએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને વધુ ઘેરો બનાવ્યો છે. ઇઝરાયલી સંરક્ષણ દળો- IDF એ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈરાની શાસન સમગ્ર દેશમાં નિયંત્રણ જાળવવા માટે આ કમાન્ડ સેન્ટરોનો ઉપયોગ કરે છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ ..

(VOICE CAST : ANJUM – ALAM )

ઓપરેશન એપિક ફ્યુરી અંગે, અમેરિકન કમાન્ડરે જણાવ્યું હતું કે સો કલાકથી ઓછા સમયમાં, અમેરિકાએ લગભગ 2 હજાર લક્ષ્યો પર હુમલો કર્યો છે. તેમણે કહ્યું કે ઈરાનની હવાઈ સંરક્ષણ પ્રણાલી ગંભીર રીતે નબળી પડી ગઈ છે, અને તેના સેંકડો બેલિસ્ટિક મિસાઇલો, લોન્ચર અને ડ્રોનનો નાશ કરવામાં આવ્યો છે.

દરમિયાન, પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકન-ઇઝરાયલી સંયુક્ત દળો વચ્ચેના સંઘર્ષ દરમિયાન સાયપ્રસ પરના હુમલા બાદ, બ્રિટન અને ફ્રાન્સ સાયપ્રસમાં યુદ્ધ જહાજો અને હવાઈ સંરક્ષણ સાધનો તૈનાત કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે બ્રિટન સાયપ્રસ અને ત્યાં તૈનાત બ્રિટિશ લશ્કરી કર્મચારીઓની સુરક્ષા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## WEST ASIA CONFLICT - 2

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને ફ્રેન્ચ જહાજ ચાર્લ્સ ડી ગૌલને ભૂમધ્ય સમુદ્રમાં તૈનાત કરવાનો આદેશ પણ આપ્યો હતો.

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીના ડિરેક્ટર જનરલ રાફેલ મારિયાનો ગ્રોસીએ જણાવ્યું હતું કે ઈરાન દ્વારા પરમાણુ બોમ્બ વિકસાવવાના કોઈ પુરાવા મળ્યા નથી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ગ્રોસીએ એમ પણ કહ્યું હતું કે ઈરાન દ્વારા શસ્ત્રો-ગ્રેડ ક્ષમતાની નજીક સમૃદ્ધ યુરેનિયમનો મોટો ભંડાર અને નિરીક્ષકોને સંપૂર્ણ ઍક્સેસ આપવાનો ઇનકાર ગંભીર ચિંતાનો વિષય છે.

## MINISTRY OF EXTERNAL AFFAIRS - SPECIAL CONTROL ROOM

પશ્ચિમ એશિયા અને ખાડી ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિદેશ મંત્રાલયે એક કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે. આ કંટ્રોલ રૂમનો સંપર્ક સવારે 9:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી ટેલિફોન દ્વારા કરી શકાય છે. આ નંબરો છે: 1800 11 87 97 અથવા 011-2301 2113, 011-2301 4104, અને 011-2301 7905.

વધુમાં, સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં ભારતીય દૂતાવાસોએ સુરક્ષા પગલાં અને શક્ય સ્થળાંતરના પગલાંમાં મદદ કરવા માટે 24 કલાકની કટોકટી હેલ્પલાઇન પણ શરૂ કરી છે.

# PRIME MINISTER OF CANADA - WEST ASIA

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ આજે કહ્યું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની નિષ્ફળતા છે, અને અમેરિકાએ ઈરાન પર હુમલો કરતા પહેલા તેના સાથી દેશો સાથે સલાહ લીધી ન હતી.

ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાતચીત બાદ શનિવારે અમેરિકા અને ઇઝરાયલી દળોએ ઈરાન પર હુમલો કર્યો.

આ લડાઈ હવે ઈરાનની સરહદોની બહાર ફેલાઈ ગઈ છે. ઈરાને બહેરીન, સંયુક્ત આરબ અમીરાત અને કતાર જેવા ખાડી દેશો તેમજ સાઉદી અરેબિયા અને કુવૈતમાં અમેરિકન દૂતાવાસો પર હુમલો કર્યો છે. આના કારણે અમેરિકાને સમગ્ર પ્રદેશમાં તેના રાજદ્વારી મિશન બંધ કરવાની ફરજ પડી છે.

# PM INDIA AND FINLEND

ફિનલેન્ડના રાષ્ટ્રપતિનું ભારતમાં સ્વાગત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમની મુલાકાત ભારત-ફિનલેન્ડ સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ આવતીકાલે રાષ્ટ્રપતિ સ્ટબને મળવા અને રાયસીના ડાયલોગ 2026માં તેમના મુખ્ય ભાષણ માટે આતુર છે.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ આજે સવારે ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે વિમાનિમથક પર તેમનું સ્વાગત કર્યું હતું અને તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. શ્રી સ્ટબ રાયસીના ડાયલોગ 2026માં મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા છે.

નવી દિલ્હીમાં આગમન પર, શ્રી સ્ટબે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે, જેમાં વેપારનો પણ સમાવેશ થાય છે.

# RAISINA DIALOGUE

ભૂતાનના વિદેશ અને બાહ્ય વેપાર મંત્રી દિનાનાથ ધુંગેલ અને માલ્ટાના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ અને પર્યટન મંત્રી ઇયાન બોર્ગ આજે નવી દિલ્હી પહોંચ્યા. તેઓ 11મા રાયસીના સંવાદમાં ભાગ લેશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત અને ભૂટાન વચ્ચેની ભાગીદારી ઊંડા પરસ્પર વિશ્વાસ અને સદ્ભાવના પર આધારિત છે.

શ્રી જયસ્વાલે એમ પણ જણાવ્યું હતું કે ભારત અને માલ્ટા વચ્ચે મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ સંબંધોમાં વધારો થશે, જે મજબૂત લોકો-થી-લોકોના સંબંધો પર આધારિત છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## SRI LANKA-IRIS DENA

શ્રીલંકાના દક્ષિણ કિનારા પર ઈરાની નૌકાદળના જહાજ પર શંકાસ્પદ સબમરીન હુમલા બાદ 101 લોકો લાપતા થયા છે અને 78 ઘાયલ થયા છે. એક સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, ઈરાની ફ્રિગેટ IRIS દેના તરફથી ડિસ્ટ્રેસ કોલ મળ્યા બાદ શ્રીલંકાના નૌકાદળના જહાજોને રવાના કરવામાં આવ્યા હતા. ગાલેના દરિયાકાંઠે લગભગ 40 નોટિકલ માઈલ દૂર જહાજે ટેકનિકલ સમસ્યાની જાણ કરી હતી.

ઘણા ઘાયલ ઈરાની નૌકાદળના કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા હતા અને કિનારે લાવવામાં આવ્યા હતા. તેમાંથી 32 લોકોને સારવાર માટે કરાપિટિયા ટીચિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના અધિકારીઓએ પુષ્ટિ આપી છે કે બચાવેલા એક ક્રૂ સભ્યની હાલત ગંભીર છે. જ્યારે ઘટનાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ નથી, કેટલાક અહેવાલો સૂચવે છે કે જહાજ પર હુમલો થયો હતો.

## FOREIGN MINISTER - MYANMAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતની ત્રણ મુખ્ય વિદેશ નીતિઓમાં મ્યાનમાર મુખ્ય ભૂમિકા ભજવે છે: પાડોશી પ્રથમ, એક્ટ ઇસ્ટ અને હિંદ- પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં મુખ્યત્વે સામેલ છે.

નવી દિલ્હીમાં સરસોબેકમાન સાહિત્ય કેન્દ્ર ભવનના ઉદ્ઘાટન પ્રસંગે ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે આ કેન્દ્ર ભારતના ગાઢ દ્વિપક્ષીય સંબંધોનું પ્રતીક છે. સરસોબેકમાન કેન્દ્ર મ્યાનમારના શાસ્ત્રીય અને લોક સાહિત્યના સંરક્ષણ અને અભ્યાસમાં ફાળો આપશે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ કેન્દ્ર મ્યાનમારના વારસાને નવી પેઢી અને સામાન્ય લોકો માટે સુલભ બનાવશે.

ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે મ્યાનમાર સાથે ભારતનું જોડાણ લોકો-કેન્દ્રિત અને માંગ-આધારિત છે.

# HOLI

રંગોના તહેવાર હોળીની આજે દેશભરમાં ઉજવણી થઈ રહી છે. આ તહેવાર વસંતના આગમનને દર્શાવે છે. આ દિવસે લોકો એકબીજાને રંગો લગાવે છે, શુભેચ્છાઓ આપે છે અને મીઠાઈઓ વહેંચે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને રંગોત્સવ પર્વ હોળીની શુભેચ્છા પાઠવી છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.......

## (VOICE CAST : AJAY INDREKAR )

*( ઢોલના તાલ અને "હોલી હૈ..." ના પડઘમ સાથે, દેશભરમાં વાતાવરણ આનંદી રંગોથી રંગાઈ ગયું છે. વસંત ઋતુના આગમન સાથે, ગુજિયાની મીઠાશ અને ઠંડાઈની સુગંધ હોળીના વાતાવરણને વધુ આનંદદાયક બનાવે છે. હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ પ્રેમ, ભાઈચારો અને સામાજિક એકતાનું પ્રતીક પણ છે.*

*પાણીની બંદૂકોમાંથી વહેતું રંગબેરંગી પાણી બાળકોને ભારે ઉત્સાહથી ભરી દે છે. આજે ઘણી જગ્યાએ ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.*

*ઉત્તર પ્રદેશના મથુરા અને વૃંદાવનની હોળી ખાસ પ્રખ્યાત છે. ભારત અને વિદેશના પ્રવાસીઓ દર વર્ષે અહીં આવે છે જેથી તેઓ લઠમાર હોળી અને ફૂલ હોળીને તેમની યાદોમાં કાયમ માટે જાળવી શકે. ભગવાન શ્રી રામના જન્મસ્થળ અયોધ્યામાં પણ રંગોનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.*

*દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં આજે ધુળેટીનો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના લોકોને ધુળેટીની શુભેચ્છા પાઠવી છે.*

*અરવલ્લી જિલ્લાના બાંથીવાડા ગામમાં, 50 હજારથી વધુ લોકોએ વર્ષો જૂની પરંપરા મુજબ અનોખી રીતે હોલિકા દહનની ઉજવણી કરી. જ્યારે મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં, બટાકા, રીંગણ અને ટામેટાં જેવા શાકભાજી એકબીજા પર ફેંકીને અનોખી રીતે ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવ્યો.*

*આકાશવાણી તરફથી, અમારા બધા શ્રોતાઓને હોળીની શુભકામનાઓ.*

*અજય ઈન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ. )*

# REV. T20 WORLD CUP

ICC પુરુષ T-20 વિશ્વ કપમાં, આજે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે પ્રથમ સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે દક્ષિણ આફ્રિકાએ 10 ઓવરમાં 4 વિકેટે 77 રન કર્યા છે.

દરમિયાન ભારત આવતીકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે બીજી સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે.